**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા..૧૨/૯/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૮૩૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી અને ૨૮ વ્યક્તિઓને ઝડપી ૧૬૬ લીટર દેશી દારૂ, ૩૫૦ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૦ બિયર ટીન, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૫૦૭૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૧/૧૫**

**ઘાટલોડીયાઃ** ગણપતભાઈ ગોવાભાઈ દંતાણી (ઉ.વ.૩૫)(રહે.ચાંદલોડીયા ઘાટલોડીયા) આજ રોજ તા.૧૨/૯/૧૫ રાતના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સુતા હતા ત્યારે ઘર નજીક રહેતા આરોપી સુરેશ જાદવભાઈ દંતાણીએ ગણપતભાઈને સુરેશભાઈની પત્ની સાથે આડા સંબંધનો વહેમ રાખી ગણપતભાઈને કુહાડી વડે બન્ને પગે ઘા મારી જીવલેણ હુમલો કરી મારી નાખવાની કોશિશ કરી નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ગણપતભાઈ દંતાણીએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.સી જાડેજા ચલાવે છે.

**અપહરણ \બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૮૪૨/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** સોલા વિસ્તારમાં રહેતી (આશરે ૧૫ વર્ષની) તરૂણીની માતાએ તા.૧૧/૯/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા એક વર્ષ પહેલા આરોપી ગોપાલ મારવાડી (રહે.વાસણા અમદાવાદ) એ પોતાની પુત્રીનુ અપહરણ કરી તેની સાથે શારીરીક સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ તરૂણી છેલ્લા ચારેક માસથી માતાપિતા સાથે રહેતી હતી. તા.૧૧/૯/૧૫ રાતના સમયે તરૂણીને પેટમાં દુખાવો થતા સોલા સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ જતા ડૉશ્રીએ ગર્ભવતીનુ જણાવ્યુ હતુ અને ડીલીવરીના અડધા કલાક બાદ તરૂણીનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એલ રાજપુત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૩/૧૫**

**ખોખરા :** ઉર્વશીબહેન સુભાષભાઇ તાડલેકર (મરાઠી)(ઉ.વ.૧૬)(રહે.ધીરજ હાઉસીંગ, ખોખરા) ને તા.૭/૯/૧૫ સવારનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી રવિકુમાર રાજારામ ભીલ (રહે.ગેમરભાઇની ચાલી, ખોખરા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ ઉર્વશીબહેનની માતા મંજુલાબહેન તાડલેકરે તા.૧૧/૯/૧૫ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એમ.ચૌહાણ ચલાવે છે.

**ઉચાપતની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૮૪૪/૧૫**

**ઘાટલોડીયા :** સંસારસિંગ વેદસિંગ સિંગ (રહે.ન્યુ અમોલા કોમ્પ્લેક્ષ, ગુરૂકુળ રોડ, મેમનગર) એ તા.૧૧/૯/૧૫ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૭/૧૫ થી તા.૧૩/૮/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાની મેમનગર, ગુરૂકુળ રોડ, ન્યુ અમોલા કોમ્પ્લેક્ષ ખાતે આવેલ પ્લેનેટ હેલ્થ સ્ટોરમાંથી આરોપી ભરતભાઇ લીલાભાઇ વાઘ (રહે. રસરાજ એપાર્ટમેન્ટ, ગોલ્ડન કોઇન કોમ્પ્લેક્ષ પાછળ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઇટ) એ ગેરકાયદેસર રીતે પૈસાની ઉઠાંતરી કરી કંપનીના હિસાબમાં ગોટાળો કરી કુલ રૂપિયા ૧,૭૫,૦૧૦/- મત્તાની ઉચાપત કરી, તેમજ કંપની દ્વારા આપવામાં આવેલ મોબાઇલ ફોન સાથે લઇ પલાયન થઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન.બારીયા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૫/૧૫**

**આનંદનગરઃ** હરેશભાઈ ધીરૂભાઈ સાવણીયા (ઉ.વ.૩૬) (રહે.દેવઓરમ રેસીડન્સી આનંદનગર ચાર રસ્તા પાસે) એ તા.૧૧/૯/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૬/૧૪ થી તા.૧૮/૭/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન બેન્ક ઓફ ઈન્ડીયા બેન્કના પોતાના ખાતામાંથી અજાણી વ્યક્તિએ ઈન્ટરનેટ/ ડીજીટલ મીડીયાનો ઉપયોગ કરી રૂપિયા ૧,૧૬,૭૨૮/- વપરાશ કરી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી વી જાડેજા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૮૪૬/૧૫**

**નારણપુરા :** કલાબહેન બિપીનભાઇ અમીન (ઉ.વ.૭૦)(રહે.ફ્રેન્ડસ કોલોની, ડી.કે.પટેલ હોલની ઓફીસની સામેની ગલીનો ખાંચો, નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૯/૧૫ રાતના કલાક ૧/૦૦ થી સવારનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું ઇન્ટર લોક તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીનું તાળુ તોડી તીજોરીમાંથી ડૉલર ૩૫૦૦ કિંમત રૂપિયા ૨,૧૦,૦૦૦/-, સોનાનાં દાગીના કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/-, ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ચાંદીનાં વાસણો કિંમત રૂપિયા ૧,૭૪,૦૦૦/-, ચાંદીની પુજાની વસ્તુઓ કિંમત રૂપિયા ૫૯,૦૦૦/-, મીશેલ કંપનીની ઘડીયાળ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-, બે જોડી સાડી કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૧૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૪૭/૧૫</u>**

**પાલડી :** ભાવેશકુમાર ભાઇલાલભાઇ સોની (ઉ.વ.૩૦)(રહે.શક્તિ એવન્યુ, ગામઃ મોરૈયા, તા.સાણંદ, જી.અમદાવાદ) તા.૯/૯/૧૫ રાતનાં ૯/૦૦ વાગે પાલડી ભઠ્ઠા ઓનેસ્ટ ભાજીપાંવ સામે પોતાનું મોટર સાયકલ પાર્ક કરી, ભાજીપાંવ લેવા ગયા હતા ત્યારે અજાણી વ્યક્તિએ ભાવેશકુમારની મોટર સાયકલની ડેકીનું તાળુ તોડી ડેકીમાંથી સોના ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૨,૨૧,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ અંગેની ફરીયાદ ભાવેશકુમાર સોનીએ તા.૧૧/૯/૧૫ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.ગોહીલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૪૮/૧૫</u>**

**વાડજ :** ચેતનભાઇ રતિલાલ સોલંકી (રહે.ખેમાભાઇની સોસાયટી, જુની ટાંકી પાસે, ભાટ ગામ, તા.જી.ગાંધીનગર) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૯/૧૫ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે જુનાવાડજ બસ સ્ટેન્ડ નજીકથી ચેતનભાઇનાં પિતા રતિલાલભાઇ પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.ડી.યુ.૪૦૧૭ ના ચાલકે પોતાની ઓટોરીક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી, રતિલાલભાઇને ટક્કર મારતાં, ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૯/૧૫**

**ખાડીયા :-** કલ્પનાબહેન ડો/ઓ લલિતકુમાર પ્રજાપતિ (ઉ.વ.૧૬)(રહે.બાબુ મહેતાની પોળ, નાઇઆડો, છબીલા હનુમાન પાસે, રાયપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૯/૧૫ બપોરનાં ૧૨/૦૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એસ.ટી.અસારી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)